પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૦૪ | ૨૩ જુન, ૨૦૨૩, શુક્રવાર; અષાઢ સુદ - ૦૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારતનો જીડીપી ૬.૩ ટકા રહેશે : ફીચ

## રેટિંગ એજન્સી ફિચનો ભારતના વિકાસ દર પર અંદાજ : વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતનો વિકાસ દર ૭.૨ ટકા હતો

નવી દિલ્હી, તા.૨૨

હાલમાં ફિચ નામક એક રેટિંગ એજન્સી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ભારતના જીડીપી વૃદ્ધિ અંદાજને ૬ ટકાથી વધારીને ૬.૩ ટકા કર્યો છે. આનો અર્થ એ થયો કે ફિચ રેટિંગ્સે તેના અગાઉના અંદાજમાં ૦.૩ પોઈન્ટનો વધારો કર્યો છે. અગાઉ ફિચે ભારતનો વિકાસ દર છ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો.

જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં સારા વિકાસ દરને ધ્યાનમાં રાખીને રેટિંગ એજન્સી ફિચે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતના જીડીપી વૃદ્ધિ અનુમાનમાં વધારો કર્યો છે. આ પહેલા પાછલા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતનો વિકાસ દર ૭.૨ ટકા હતો. જ્યારે ૨૦૨૧-૨૨માં દેશની અર્થવ્યવસ્થા ૯.૧ ટકાના દરે વૃદ્ધિ પામી હતી. ફિચે જણાવ્યું હતું કે, જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં જીડીપી ગ્રોથ ખૂબ સારો રહ્યો હતો. બે ક્વાર્ટર સુધી સતત ઘટ્યા બાદ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રિકવરી જોવા મળી છે, કન્સ્ટ્રક્શન સેક્ટરમાં સુધારો જોવા મળ્યો છે અને કૃષિ ઉત્પાદનમાં પણ વધારો થયો છે, જેના કારણે સ્થાનિક અર્થતંત્રમાં તેજી જોવા મળી રહી છે. આ વાતોને ધ્યાનમાં રાખીને રેટિંગ એજન્સીએ ગ્રોથ રેટના અંદાજમાં વધારો કર્યો છે. ફિચે તેના અહેવાલમાં જણાવ્યું છે કે, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં ભારતનો જીડીપી ૬.૫ ટકા રહેવાનો અંદાજ છે. મેન્યુફેક્ચરિંગ, કન્સ્ટ્રક્શન સેક્ટર તથા કૃષિ ઉત્પાદનમાં વધારાને કારણે અર્થતંત્રમાં તેજી આવી જેને કારણે ફિચે ભારતીય વિકાસ દરનું અનુમાન વધાર્યું છે જે ઈન્ડીયન ઈકોનોમી માટે સારી વાત છે.

# મોદીએ અમેરિકાની ફર્સ્ટ લેડીને ૭.૫ કેરેટનો ગ્રીન ડાયમંડ આપ્યો

## રાષ્ટ્રપતિ બાઈડેનને ભેટમાં આપી વસ્તુ : વ્હાઇટ હાઉસમાં યુએસ પ્રમુખ જો બિડેન અને જીલ બિડેન સાથે મુલાકાત કરી અને તેમની સાથે ભેટોની આપ-લે કરી

નવી દિલ્હી, તા.૨૨

અમેરિકાની સરકારી મુલાકાતે ગયેલા વડા





પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વ્હાઈટ હાઉસમાં યુએસ પ્રમુખ જો બિડેન અને જીલ બિડેન સાથે મુલાકાત કરી અને તેમની સાથે ભેટોની આપ-લે કરી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફર્સ્ટ લેડી ડૉ. જીલ બિડેનને ૭.૫ કેરેટનો લીલો હીરો ભેટમાં આપ્યો હતો, જ્યારે રાષ્ટ્રપતિ જો બિડેનને ખાસ ચંદનનું બૉક્સ આપવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાની ફર્સ્ટ લેડી જિલ બિડેનને ૭.૫ કેરેટનો ગ્રીન ડાયમંડ ભેટમાં આપ્યો હતો. જે બોક્સમાં આ હીરો આપવામાં આવ્યો હતો તેના પર કાશ્મીરી કારીગરી સ્પષ્ટપણે જોઈ શકાય છે. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ જો બિડેનને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલી ખાસ ભેટ આપી. તેણે બિડેનને દ્રષ્ટિ સહસ્ત્ર ચંદ્રનો બોક્સ આપ્યો. તે એવા વ્યક્તિને

● અનુસંધાન પાન-૭ પર

# ને... મોદી અને બાઈડેન ખડખડાટ હસી પડ્યા

## કારમાંથી ઉતરતાની સાથે જ બાઈડને પકડ્યો મોદીનો હાથ : અમેરિકાના પ્રેસિડેન્ટના પત્નીને શું કહી હસવા લાગ્યા મોદી? : વ્હાઈટ હાઉસના ગેટ પર એવી શું વાતચીત થઈ કે મોદી અને જો બાઈડન ખડખડાટ હસી પડ્યા?

નવી દિલ્હી, તા.૨૨

વ્હાઈટ હાઉસના પ્રાંગણમાં અમેરિકાના પ્રેસિડેન્ટ જો બાઈડન તેમના પત્ની જિલની સાથે પીએમ મોદીને આવકારવા માટે ઉભા હતા. મોદી જેવા કારમાંથી ઉતર્યા તે બાઈડન ખૂબ જ ઉષ્માભેર તેમનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન તેમની વચ્ચે કેટલીક હળવી વાતો પણ થઈ હતી. એક વાત કહેતી વખતે તો મોદી ખડખડાટ હસી પડ્યા હતા. વ્હાઈટ હાઉસમાં મોદી અને બાઈડન વચ્ચે એવી તો શું વાત થઈ કે હાસ્યનું મોજું ફરી વળ્યું? મોદી વ્હાઈટ હાઉસ પહોંચ્યા તે પહેલા જ બાઈડન પોતાની પત્ની જિલની સાથે તેમના દરવાજા પર ઉભા હતા. મોદીની કાર ઉભી રહી હતી અને બાઈડન તેમને આવકારવા માટે આગળ વધ્યા હતા. જિલ પાછળ જ ઉભા રહ્યા હતા. જેવા પીએમ મોદી કારમાંથી ઉતર્યા કે બાઈડને ઉષ્માભેર તેમનો હાથ પકડી લીધો હતો. તેનાથી



વધારે ઉષ્મા બાઈડનના શબ્દોમાં હતી. બાઈડને મોદીને કહ્યું હતું કે 'વેલકમ મિત્ર તમારો દિવસ ઘણો લાંબો રહ્યો'. બાઈડને આ વાત એટલા માટે કહી હતી કારણ કે બુધવારનો દિવસ મોદી માટે વ્યસ્ત રહ્યો હતો. સવારે તેઓ આઠ વાગ્યે (અમેરિકાના સમય પ્રમાણે) ઉઠ્યા હતા, જે બાદ યુએનમાં યોગ દિવસમાં સેશન સામેલ થયા હતા. તે પછી તેમની મુલાકાતનો સિલસિલો યથાવત્ રહ્યો હતો. રાજકારણમાં બોડી લેન્વેજ ઘણી મહત્વની રહે છે. મોદી અને બાઈડનની આ મુલાકાતમાં બાઈડન મોદીની પીઠ પંપાળતા જોવા મળ્યા હતા. તે ભારત અને અમેરિકા વચ્ચેના ગાઢ સંબંધોનો

● અનુસંધાન પાન-૭ પર

# નેશનલ પેન્શન સ્કીમમાં મોટા ફેરફારની કેન્દ્રની વિચારણા

## લઘુત્તમ પેન્શન છેલ્લા પગારના ૪૦-૪૫% સુધી કરવામાં આવશે : પેન્શનમાં છેલ્લા પગારના ૪૦% પેન્શન સુનિશ્ચિત કરાય તો તેના પર ૨% રકમનો વધારાનો બોજ પડશે

નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્ર સરકાર હાલની નેશનલ પેન્શન સ્કીમ (એનપીએસ)માં મોટા ફેરફારો કરવા પર વિચાર કરી રહી છે. આ હેઠળ લઘુત્તમ પેન્શન છેલ્લા પગારના ૪૦-૪૫% સુધી હોઈ શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે એપ્રિલ મહિનામાં જૂની પેન્શન યોજના (ઓપીએસ)ની સમીક્ષા કરવા માટે નાણાં સચિવ ટીવી સોમનાથનની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી હતી.

કેન્દ્રએ વર્ષ ૨૦૦૪થી ઓપીએસ નાબૂદ કરીને એનપીએસ લાગુ કર્યું હતું. આ હેઠળ કર્મચારી તેના મૂળ પગારના ૧૦% તો સરકાર પેન્શન ફંડમાં ૧૪% યોગદાન આપે છે. એનપીએસની રકમનું બજારમાં રોકાણ કરવામાં આવે છે અને તેના રિટર્નના આધાર પર પેન્શનની રકમ નિર્ભર કરે છે. બીજી તરફ ઓપીએસ હેઠળ લઘુત્તમ પેન્શન છેલ્લા પગારના ૫૦% છે. વર્તમાન પેન્શનમાં કર્મચારીઓને છેલ્લા પગારના લગભગ ૩૮% સુધી પેન્શન મળે છે. જો સરકાર ૪૦% પેન્શન સુનિશ્ચિત કરે તો તેના પર ૨% રકમનો વધારાનો બોજ પડશે. જો કે, જો બજારમાં રોકાણ પરનું વળતર ઘટશે તો પેન્શનના કારણે સરકાર પર બોજ વધશે. નાણા મંત્રાલય એવો રસ્તો અપનાવવા માંગે છે જેના હેઠળ પેન્શનનો બોજ સરકાર પર ઓછામાં ઓછો પડે. એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે સરકાર જે પેન્શન સ્કીમ લાવશે તેને મોંઘવારી ભથ્થા સાથે જોડવામાં નહીં આવશે.

# વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાન સામે રમવા પાક.નો ઈનકાર

## પીસીબીએ અફઘાનિસ્તાન સામે વોર્મ-અપ મેચ રમવા ના પાડી, પીસીબીએ લેખિત માંગણી આઈસીસીને મોકલી

નવી દિલ્હી, તા.૨૨

ભારતની ધરતી પર ઓક્ટોબરમાં યોજાનાર વર્લ્ડ કપ પહેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ એક પછી એક નૌટંકી કરી રહ્યું છે. પહેલા પાકિસ્તાને વર્લ્ડ કપમાં તેના બે સ્થળો બદલવાની માંગ કરી હતી અને હવે આ ટીમે અફઘાનિસ્તાન સામે મેચ રમવાનો ઈનકાર કરી દીધો છે.

મળતી માહિતી પ્રમાણે પીસીબીએ અફઘાનિસ્તાન સામે વોર્મ-અપ મેચ રમવાની ના પાડી દીધી છે. પીસીબીએ તેની લેખિત માંગણી આઈસીસીને મોકલી છે.

હવે સવાલ એ છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ કેમ નથી ઈચ્છતું કે તેમની ટીમ અફઘાનિસ્તાન સામે રમે? પીસીબીની દલીલ છે કે, તેમની ટીમને અફઘાનિસ્તાન સાથે લીગ મેચ રમવાની છે, તેથી તેઓ બિન-એશિયન ટીમ સાથે વોર્મ-અપ મેચ રમવા માંગે છે.

આ સિવાય પાકિસ્તાની બોર્ડે આઈસીસીપાસે અફઘાનિસ્તાન અને ઓસ્ટ્રેલિયા સામેની મેચનું વેન્યુ બદલવાની પણ માંગ કરી હતી. અહેવાલો અનુસાર, પાકિસ્તાન ઓસ્ટ્રેલિયા સામે બેંગલુરુમાં મેચ રમવાનું છે અને અફઘાનિસ્તાન સાથે તેની ટક્કર ચેન્નાઈમાં થવાની છે.

પાકિસ્તાની ટીમ ચેન્નાઈમાં અફઘાનિસ્તાનનો સામનો કરતા ખચકાઈ રહી છે કારણ કે અફઘાનિસ્તાનના સ્પિનરો તેમને ત્યાં મુશ્કેલીમાં મૂકી શકે છે.

# વર્લ્ડ જેન્ડર ગેપ રિપોર્ટમાં ભારતની સ્થિતિમાં આઠ સ્થાનનો સુધારો

## ભારત લિંગ સમાનતાની બાબતમાં ૧૨૭મા સ્થાન પર

વોશિંગ્ટન, તા.૨૨

લિંગ સમાનતાના સંદર્ભમાં ભારત ૧૪૬ દેશોમાંથી ૧૨૭માં ક્રમે પહોંચી ગયો છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ૨૦૨૩ના વાર્ષિક જેન્ડર ગેપ રિપોર્ટ અનુસાર ગયા વર્ષની સરખામણીમાં ભારતની સ્થિતિમાં આઠ સ્થાનનો સુધારો થયો છે. ભારત લિંગ સમાનતાની બાબતમાં ૧૪૬ દેશોમાંથી ૧૨૭માં સ્થાને પહોંચી ગયું છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ૨૦૨૩ના વાર્ષિક જેન્ડર ગેપ રિપોર્ટ અનુસાર ગયા વર્ષની સરખામણીમાં ભારતની સ્થિતિમાં આઠ સ્થાનનો સુધારો થયો છે. આ પહેલા વર્લ્ડ ઈકોનોમિક ફોરમે વર્ષ ૨૦૨૨ માટેના તેના અહેવાલમાં ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સમાં ભારતને ૧૪૬માંથી ૧૩૫માં સ્થાન આપ્યું હતું. ભારતની સ્થિતિમાં ૧.૪ ટકા પોઈન્ટ્સ અને આઠ સ્થાનનો સુધારો થયો છે અને ભારત આંશિક રીતે ૨૦૨૦ના સમાનતાના સ્તર તરફ વધ્યુ છે.

દેશે શિક્ષણના તમામ સ્તરે નોંધણીમાં સમાનતા હાંસલ કરી છે. ભારતે તેનો ૬૪.૩ ટકા જેન્ડર ગેપ પૂરો કર્યો છે. આ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે ભારતમાં મહિલાઓ માટે વેતન અને કમાણીમાં થોડો વધારો થયો છે, પરંતુ છેલ્લા રિપોર્ટ કરતા વરિષ્ઠ હોદ્દા અને તકનીકી ભૂમિકાઓમાં મહિલાઓની ભાગીદારીમાં નજીવો ઘટાડો થયો છે. રાજકીય સશક્તિકરણ પર ભારતે ૨૫.૩ ટકા સમાનતા હાંસલ કરી છે, જેમાં ૧૫.૧ ટકા સાંસદો મહિલાઓ છે. ૨૦૦૬માં પ્રથમ રિપોર્ટ બાદ દેશમાં મહિલા સંસદસભ્યોની આ સૌથી વધુ સંખ્યા છે.

આ અગાઉ આ વર્ષની શરુઆતમાં જ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ કહ્યું હતું કે વર્લ્ડ ઈકોનોમિક ફોરમે તેના જેન્ડર ગેપ રિપોર્ટમાં સ્થાનિક સરકારી સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારીનું મૂલ્યાંકન કરવાની જરૂર છે. આ ઈન્ડેક્સમાં પાકિસ્તાન ૧૪૨માં, બાંગ્લાદેશ ૫૯માં, ચીન ૧૦૭માં, નેપાળ ૧૧૬માં, શ્રીલંકા ૧૧૫માં અને ભૂટાન ૧૦૩માં ક્રમે છે.

# આજે પટણામાં વિપક્ષો લોકસભા ચૂંટણીની રણનીતિ તૈયાર કરશે

પટણા, તા.૨૨

કેન્દ્રની સત્તા પરથી નરેન્દ્ર મોદી અને ભાજપને ઉથલાવવા માટે વિપક્ષોને એક કરવા આવતીકાલે ૨૩મી જુને પટણામાં વિપક્ષી દળોની મહત્વની બેઠક યોજાવાની છે.

બેઠકમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે રણનીતિ તૈયાર કરવામાં આવશે. બેઠકમાં સામેલ થવા નેતાઓનું પટણામાં આગમન શરૂ થઈ ગયું છે. આ બેઠક માટે પીડીપી અધ્યક્ષ અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ સીએમ મહેબૂબા મુફ્તી પહોંચી ગયા છે, જ્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને આપ સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આજે પહોંચશે.





